# India-Germany Leaders' Video-Teleconference

January 06, 2021

## ભારતીય-જર્મનીનાં નેતાઓની વિડીયો-ટેલીકોન્ફરન્સ

જાન્યુઆરી 06, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેઓનાં જર્મન સમતુલ્ય ફેડરલ ચાન્સેલર ડૉ. એન્જેલા મર્કેલ સાથે આજે વિડીયો-ટેલીકોન્ફરન્સ યોજી હતી.

વડાપ્રધાને યુરોપીયન અને વૈશ્વિક મંચ પર સ્થિર અને પ્રબળ આગેવાની પ્રદાન કરવામાં ચાન્સેલર મર્કેલની દીર્ઘકાલીન ભૂમિકાની પ્રશંસા કરી હતી, અને ભારત-જર્મનીની વ્યૂહાત્મક ભાગીદારીની વૃદ્ધિમાં માર્ગદર્શન આપવા બદલ તેણીનો આભાર માન્યો હતો.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી સામેનો પ્રતિભાવ, દ્વિપક્ષિય જોડાણો, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ, ખાસ કરીને ભારત-યુરોપીયન યુનિયન સંબંધો સહિત પારસ્પરિક અગત્યતા ધરાવતા મહત્વનાં મુદ્દાઓની ચર્ચા કરી હતી.

વડાપ્રધાને રસી વિકાસનાં સંદર્ભમાં ભારતમાં થયેલા વિકાસો પર ચાન્સેલર મર્કેલને સંક્ષિપ્ત માહિતી આપી હતી અને ચાન્સેલર મર્કેલને વિશ્વનાં લાભ માટે ભારતની ક્ષમતાઓ કામે લગાડવાની ભારતની પ્રતિબદ્ધતાની ખાતરી આપી હતી. તેણે જર્મની અને અન્ય યુરોપીયન દેશોમાં ચેપની નવી લહેરને વહેલા કાબૂમાં લેવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

વડાપ્રધાને ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) માં જોડાવાનાં જર્મનીનાં નિર્ણયને આવકાર્યો હતો અને કોલિશન ફૉર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) નાં પ્લેટફોર્મ અંતર્ગત જર્મની સાથે સહકાર વધારે મજબૂત કરવાની તેની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ભારત અને જર્મની વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની સ્થાપના થઇ તેની આ વર્ષે 70મી વર્ષગાંઠની અને વ્યૂહાત્મક ભાગીદારીની 20મી વર્ષગાંઠની નોંધ લેતા, બન્ને નેતાઓ 2021 વહેલી તારીખ પર છઠ્ઠા આંતર-સરકારી પરામર્શો (IGC) યોજવા અને તે માચે મહત્વાકાંક્ષી કાર્યસૂચિ સ્થાપિત કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.